::::અગત્યનું ::::

**કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત મદદનીશ પ્રાધ્યાપક સીનીયર સ્કેલ, સીલેકશન ગ્રેડ,સહ પ્રાધ્યાપક (પી),પ્રાધ્યાપક(પી) સ્ટેજ ૧ થી સ્ટેજ ૫ સુધીના ના મંજુર થયેલ પગાર ધોરણોની પગાર ચકાસણી (ઓડીટ) કરવા બાબત.**

વંચાણમાં :- (૧) નામ.સરકારશ્રીના નાણા વિભાગ સચિવાલય ગાંધીનગરના તા. ૨૬.૮.૨૦૧૯ના પત્રક્રમાંક પગર/ ૧૦/૨૦૧૯/ઓ.૨૬૪/પગાર એકમ

(૨) અત્રેની કચેરીના તા.૨૬.૧૧.૨૦૧૯ના પરિપત્ર નં જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/ ૧૭૮૯૯-૧૭૯૪૮/૨૦૧૯

## :::: પરિપત્ર ::::

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે કે શૈક્ષણિક સંવર્ગમાં ફરજ બજાવતા શિક્ષકોના નામ.સરકારશ્રીના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંકઃ **ACD/KPO/e-file/2/2022/1337/K2 Section-Agri Uni** તા.૨૫/૦૭/૨૦૨૪થી રાજ્ય કૃષિ યુનિવર્સિટીઓ અને રાજ્ય કૃષિ યુનિવર્સિટી પરિષદના શૈક્ષણિક સંવર્ગના અધિકારીઓને તા.૦૧/૦૧/૨૦૧૬ બાદ સાતમા પગારપંચ મુજબ મળવાપાત્ર થતા કેરીયર એડવાન્સમેન્ટ સ્કીમ **(CAS)**ના લાભો આપવા અંગેની મંજૂરી આપવામા આવેલ. નવસારી કૃષિ યુનિવર્સિટીના શૈક્ષણિક સંવર્ગમાં ફરજ બજાવતા શિક્ષકોના સાતમા પગાર પંચ મુજબ કેરીયર એડવાન્સમેન્ટ યોજના અંતર્ગત પાત્રતા ધરાવતા શિક્ષકોના સીનીયર સ્કેલ, સીલેકશનગ્રેડ, સહ પ્રાધ્યાપક(પી) તથા પ્રાધ્યાપક (પી) **સ્ટેજ-૧ થી સ્ટેજ-૫** સુધીના લાભો નિયમોનુસાર મંજુર કરવામાં આવેલ છે/આવનાર છે.જે અનુસંધાને પગાર બાંધણીના હેતુસર નીચે મુજબની કાર્યપદ્ધતિ અનુસરવા જણાવવામા આવે છે.

| | |
|---|---|
| ૧ | કેરીયર એડવાન્સમેન્ટ યોજનાનો લાભ આપવા બાબતના હુકમો થયા બાદ જે તે કચેરીએ કર્મચારીની પગાર મુકરરની દરખાસ્ત નીચે સહી કરનારને સેવાપોથી સહીત નિયત નમુનામાં રજુ કરવાની રહેશે. (૨ નકલમા) |
| ૨ | કેરીયર એડવાન્સમેન્ટ યોજના હેઠળ પગાર મુકરર થયા બાદ કર્મચારીનો **(IFMS)** આઇ.એફ.એમ.એસ.ઓર્ડર કાઉન્ટર સિગનેચર માટે નીચે સહી કરનારને મોકલવાના રહેશે. |
| ૩ | પગાર મુકરર બાબતે યુનિવર્સિટી કક્ષાએ આંતરિક ઓડીટ અર્થે ઓડીટ ઓફીસરશ્રી,નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારીને નિયત નમુનામાં દરખાસ્ત સેવાપોથી સહિત રજુ કરવાની રહેશે.( ૪ નકલમા) |
| ૪ | આંતરિક ઓડીટ થયા બાદ ઓડીટ ઓફીસરશ્રીના સહી-સિક્કાવાળા પત્રકો બિડાણ સહિત સંયુકત નિયામક, પગાર ચકાસણી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય બ્લોક નં ૧૭/૩, સેકટર -૧૦ બી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦ ખાતે મોકલી આપવાના રહેશે. (૨ નકલમાં) |

પ્રસ્તૃત પરિપત્ર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવીને જારી કરવામાં આવે છે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

જા.નં. નકૃયુ/રજી./એડીએમ.૧.૧/**૭૯૬૭-૮૦૩૬**/૨૦૨૪

નવસારી તા.૨૫.૦૯.૨૦૨૪

**નકલ સવિનય રવાના જાણ તથા અમલ સારુ.**

(૧) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિવર્સિટી અધિકારીશ્રીઓ

(૨) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ

(૩) નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કોલેજો/પોલીટિકનીકના ડીનશ્રીઓ /આચાર્યશ્રીઓ

(૪) હિસાબ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી